### વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર આયોજીત

# "વિશ્વ સિંહ દિવસ"

# ૨૦૧૬




"૧૦ મી ઓગષ્ટ" સમગ્ર વિશ્વમાં સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એક સમય હતો જયારે સમગ્ર ઉતર ભારતમાં એશિયાઈ સિંહો જોવા મળતાં હતા, પરંતુ નિરંકુશ શિકાર તથા વસવાટનાં વિનાશને લીધે તેઓ માત્ર સૌરાષ્ટ્ર પૂરતા જ સીમીત રહયાં. કહેવાય છે, ખૂબ જ ઓછા સિંહ વધ્યાં હતા ત્યારે સિંહ અને જંગલના સંરક્ષણનાં ભાગરૂપે સિંહ શિકાર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો અને ત્યારે સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજાએ તેમને જરૂરી રક્ષણ અને સંરક્ષણ પુરૂં પાડયુ અને આજે તેઓ માત્ર ગીરમાં જ નહિ પણ જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર વગેરે જીલ્લાઓનાં જંગલો તથા વીડી વિસ્તારોમાં વિહરતા જોવા મળે છે, જે આ પ્રજાનું પ્રકૃતિ તથા પ્રાણીપ્રેમ અને સહિષ્ણુતાને ઉજાગર કરે છે.

વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર દ્વારા "વિશ્વ સિંહ દિવસ" નિમીતે અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાનાં તમામ ગામો તથા શહેરોમાં એક જ સમયે રેલીનું આયોજન કરી "મહારેલી" યોજી છે તેમજ સિંહ સંરક્ષણ કરવા યોગદાન આપવાનો વ્યકિતગત સંકલ્પ લેવાનું પણ આયોજન કરવામાં આવશે. આ રેલીમાં ભાગ લેવા ઈચ્છુક વ્યકિત તા.૧૦/૦૮/૨૦૧૬ નાં રોજ ૧૦:૩૦ કલાકે આ ત્રણ જીલ્લાઓની નજીકની શાળા અથવા કોલેજમાં જઈ ભાગ લઈ શકે છે.

આ રેલીમાં ભાગ લેવા ઈચ્છુક વ્યકિત એ આ સાથે બિડેલ પત્રક–૧ ભરવું. જયારે જે વ્યકિત રેલીમાં ભાગ ન લઈ શકે તેમ હોય, પરંતુ સિંહ સંરક્ષણ માટે સંકલ્પ લેવા ઈચ્છે છે તે પત્રક–૨ ભરી પોતાનુ યોગદાન આપી શકે છે.

આ પત્રકો ઓનલાઈન અથવા ઓફલાઈન જમા કરાવી શકાશે. રેલીમાં ભાગ લેનાર અથવા સંકલ્પ લેનારએ ઓનલાઈન પત્રકો ભરવા માટે http://www.bcrlipgir.org/latest-news/ વેબસાઈટ પર જઈ વિગત ભરી, સબમીટ કરવાનું રહેશે. જયારે ઓફલાઈન ફોર્મ ભરવા માટે http://www.bcrlipgir.org/latest-news/ પરથી "રેલીમાં ભાગ લેનારનું પત્રક–૧" અથવા "સંકલ્પ લેનારનું પત્રક–૨" પી.ડી.એફ. ફોર્મ ડાઉનલોડ કરી, વિગત ભરી bcrlip@bcrlipgir.org પર ઈમેઈલ કરવાનો રહેશે અથવા વિગત ભરેલ ફોર્મને નિચેનાં સરનામે મોકલી શકાશે.

(૧) વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર, મું.સાસણ–ગીર તા.મેંદરડા, જી.જુનાગઢ પીનઃ૩૬૨૧૩૫

(૨) જુનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાની નજીકની કોઈપણ વનખાતાની કચેરીમાં રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા

Wildlife Division, Sasan-Gir. Phone No. (02877) 285541, 285540, 285508, Mo.(whatsApp)9428896648. E-mail: dcfwildlife@gmail.com